# SAURASHTR UNIVERSITY

[ Re-Accredited "A" Grade By NAAC ]

[ C G P A 3:05 ]

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી તથા ભવનના અધ્યક્ષશ્રીઓને સવિનય જણાવવાનું કે,

વર્ષ ૨૦૧૪-૧૫ થી એનરોલમેન્ટ/એનલીસ્ટમેન્ટ તથા પી.જી.રજીસ્ટ્રેશનમાં CBCS અભ્યાસક્રમ અંતર્ગત દરેક કોલેજ/ભવન પાસેથી U.G./P.G. અભ્યાસક્રમ એનરોલમેન્ટ/એન્લીસ્ટમેન્ટ ફોર્મમાં CBCS Online Photo Upload કરવા અને તે મુજબ દરેક કોલેજો/ભવનોને એનરોલમેન્ટ/એન્લીસ્ટમેન્ટ નંબર ફાળવવાના થાય છે.

અનુભવે જોવા મળ્યુ છે કે ઘણી કોલેજો તરફથી Online એનરોલમેન્ટ ફોર્મમાં વિદ્યાર્થીઓનો ભુલથી/શરતચૂક થી મૂળ ફોટો અપલોડ કરવામા આવતો નથી પરતું ખોટો ફોટો અપલોડ કરવામાં આવે છે જે પછીથી સુધારવા કોલેજ તરફથી અરજી આવે છે. જે બાબત અન્વયે દરેક કોલેજોને જણાવવાનું કે Photo Upload કરવાની કામગીરી જે તે કોલેજ મારફત થતી હોઇ કોલેજો એ જ વિદ્યાર્થીઓની આઇડેન્ટીફાઇ કરીને Photo Upload કરવાનો રહેશે. જો વિદ્યાર્થીઓના ખોટા Photo Upload કરેલ હશે. તેની જવાબદારી કોલેજની રહેશે.

તેમા છતાં કોલેજ/ભવન તરફથી ખોટા Photo Upload કરેલા હશે અને માર્કશીટમાં તેને સુધારવા માટે કોલેજ દ્વારા અરજી કરવાની રહેશે. જે અંગે નીચેના મુદ્દાઓ ધ્યાને લેવાના રહેશે.

- વિદ્યાર્થીની માર્કશીટમાં પ્રથમ સેમ. માં ફોટો ખોટો આવેલ હોઇ તો તત્કાલ બીજાસેમ. ની માર્કશીટ આવતા સુધીમાં સુધારવાનો રહેશે તે જ રીતે ત્રીજા અને ચોથા સેમ.માં કાર્યવાહી કરવાની રહેશે.
- એક થી પાંચ સેમ./ડિગ્રી કક્ષા સુધી ખોટા ફોટાવાળી માર્કશીટ ભેગી કરીને એક સાથે સુધારવા અંગેની કાર્યવાહી કરવા માટે આવશે ત્યારે તેની માર્કશીટમાંથી ફોટા ડીલીટ કરી નવી ફોટા વગરની માર્કશીટ આપવામાં આવશે.
- ફોટો સુધારવા અંગેની ફી રૂ ।. ૫૦૦/- એક્ઝામ મીસે. કોડ નં. ૩૩૦૪ માં જમા કરવી અને વિદ્યાર્થી પાસેથી સોગંદનામુ રૂ।. ૨૦/- ના સ્ટેમ્પપેપર લખાવી રજૂ કરવાનું રહેશે.(સ્ટેમ્પ પેપર અંગેનો મુસદો આ સાથે સામેલ છે.) ત્યારબાદ જ ફોટો સુધારવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.
- અગાઉના તમામ પરિપત્રોને રદ્દબાતલ ગણવાના રહેશે.

પરીક્ષા નિયામક

**પરીક્ષા/સેલ/૨૭૬/૨૦૧૫**

પરીક્ષા વિભાગ
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ
યુનિ.રોડ
રાજકોટ.

**તા.૩૦/૦૩/૨૦૧૫**

**પ્રતિ,**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સ્નાતક કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ જરૂરી કાર્યવાહી,

નકલ રવાના:- (૧) કો-ઓર્ડિનેટરશ્રી આઇ.ક્યુ.એ.સી.સેલ જાણ સારૂ (૨) એકેડેમિક ઓફિસરશ્રી, (૩) ઇન્ચા.નિયામકશ્રી કોમ્પ્યુટર સેન્ટર (૪) F.M.S.,GIPL (૫)પરીક્ષા ૧,૩,૪